ગાંધીનગરમાં ગુંજયા હર હર મહાદેવના જય ઘોષ : હજ્જારો ભુદેવો ઉમટયા

ગાંધીનગર શહેરમાં એક પછી એક સમાજના આગેવાનો પોતાના પડતર પ્રશ્નો અંગે રેલી સ્વરુપે સત્યાગ્રહ છાવણી આવતા હોય છે. ત્યારે સમગ્ર ગુજરાતમાંથી હજ્જારો ભુદેવો ગુજરાત બ્રહ્મ વિકાસ આયોગની માંગણી સાથે શુક્રવારના રોજ બપોરે અમદાવાદ ગાંધી આશ્રમથી ગાંધીનગર આવવા માટે રવાના થયા હતા. વિશાળ સંખ્યામાં વાહનો સાથે ભુદેવો આવતા શહેરના માર્ગો પર ચક્કાજામની સ્થિતિ જોવા મળી હતી. તો બીજીતરફ શહેરના માર્ગો હર હર મહાદેવના જય ઘોષથી ગુંજી ઉઠ્યા હતા. જય પરશુરામ..જય મહાદેવ.ના નારા સાથે નીકળેલી વિશાળ રેલી સે-૬ સત્યાગ્રહ છાવણી ખાતે સભામાં ફેરવાઈ ગઈ હતી. જયા આગેવાનોએ સરકાર સમક્ષ પોતાની માંગણી બુલંદ અવાજે કરી હતી અને રાજયના મુખ્યમંત્રીને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરી હતી. ગુજરાત રાજયમાં ૬ ૨ લાખથી વધુ બ્રાહ્મણો વસવાટ કરે છે. ત્યારે આ બ્રાહ્મણોના આર્થિક, શૈક્ષણિક, સામાજીક અને સ્વાસ્થ્ય તથા સંસ્કૃતિના ઉત્કર્ષ અને માવજત માટે ગુજરાત સરકાર સમક્ષ બે વર્ષ પહેલા બ્રહ્મ વિકાસ આયોગની રચના કરવા માટે માંગણી કરવામાં આવી હતી.આ પ્રકારના આયોગ અન્ય રાજયમાં છે. ત્યારે ગુજરાત સરકાર દ્વારા બ્રાહ્મણોના વિકાસ માટે અન્ય કોઈ આર્થિક સહાયની યોજના કરવામાં આવી નથી. તેવી સ્થિતિમાં હવે આ આયોગની આંદોલન સમિતિ ઉગ્ર બની છે જેને લઈને તા. ૨૬મી જાન્યુઆરીએ ગાંધી આશ્રમથી ગાંધીનગર સુધીની કુચ બ્રાહ્મણો દ્વારા કરવામાં આવી હતી. આ રેલીમાં ગાંધીનગરમાં મોટીસંખ્યામાં ભુદેવો ઉમટ્યા હતા.વિશાળ મેદનીને કારણે ગાંધીનગરના માર્ગો પર ચક્કાજામના દ્રશ્યો સર્જાયા હતા.તો બીજીતરફ હર હર મહાદેવ અને જય પરશુરામના નારા લગાવ્યા હતા. ૨૩ કિ.મી.અંતર કાપીને રેલી શહેરના સેકટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે સાંજે પાંચ વાગે પહોંચી હતી ત્યારબાદ રેલી સભામાં ફેરવાઈ ગઈ હતી. સભામાં આયોગના આગેવાનો અને સમાજના શ્રેષ્ઠીઓને સંબોધન કરીને સરકાર સમક્ષ બ્રહ્મ આયોગની માંગને બુલંદ બનાવી હતી. આ અંગે મુખ્યમંત્રીને પણ આવેદન પત્ર પાઠવવામાં આવ્યું છે તેમ આંદોલન સમિતિના કન્વીનર યજ્ઞેશ દવેએ જણાવ્યું છે.

સે-૨૬ કિસાનનગર પાયાની સુવિધાઓથી વંચિત

ગાંધીનગર,તા.૨૭

ગાંધીનગર શહેરને પાંચ દાયકાઓ વિતી ગયા છે, શહેર જેવડું બીજુ નગર નિર્માણ પામ્યું છે. ત્યારે સેકટર-૨૬ કિસાનનગરને હજુ સુધી પાયાની સુવિધાઓથી વંચિત રહેવા પામ્યું છે. શહેરના અન્ય સેકટરોમાં રહેલી સુવિધા આ સેકટરમાં વર્ષોથી ઉપલબ્ધ નથી. કિસાનનગર ખાતે હાલ ૧૫૦૦ જેટલા પરિવારો વસવાટ કરે છે. સેકટરના લે આઉટ પ્લાનમાં આરોગ્ય કેન્દ્ર, પોલીસ ચોકી, અને પોસ્ટ ઓફિસના પ્લોટ હોવા છતા જે તે લાગતા વળગતા વિભાગો દ્વારા આરોગ્ય કેન્દ્ર, પોલીસ ચોકી, અને પોસ્ટની સુવિધાઓ ઉભી કરવામાં તંત્ર ઉણું ઉતર્યું છે. જેને અનુલક્ષીને સેકટર-૨૬ કિસાનનગરના વસાહતીઓમાં રોષ ભભુકી ઉઠ્યો છે.

ગાંધીનગર શહેરના સેકટર-૨૬ કિસાનનગર વસાહત મંડળના પ્રમુખ પોપટભાઈ પટેલ અને મહામંત્રી એસ.એસ.પટેલ જણાવે છે કે આરોગ્યની સેવાઓ અર્થે તેમજ સલામતી અંગે અન્ય સેકટરોમાં જવુ પડે છે. ત્યારે ઘણી વખત સમયસર સારવાર ના મળવાને કારણે દર્દીઓને હેરાન થવાનો વારો આવે છે. જયારે સેકટરની મધ્યમાં આવેલ બગીચો અસામાજીક ત્તત્વોનો અડ્ડો બની ગયો છે. બગીચાની ફરતે કંમ્પાઉન્ડ વોલ અથળા તાર ફેન્સીંગ કરી નાના બાળકો માટે રમત-ગમતના સાધનો, સિનિયર સિટીઝન માટે બાંકડા, કસરતના સાધનો, બગીચામાં સ્ટ્રીટ લાઈટના ૧૦ પોલ ઉભા કરવા, સેકટરના આંતરીક માર્ગ પર ફુટપાથ નથી તો જયા ફુટપાથ ના હોય ત્યાં તંત્ર દ્વારા તાત્કાલીક ધોરણે ફુટપાથ તૈયાર કરાવવી.સેકટરના માર્ગો ઉબડ-ખાબડ બની જવા પામ્યા છે. જેથી ચોમાસાની સિઝનમાં લેવલ ન હોવાથી સેકટરમાં પાણીનો ભરાવો થાય છે.

સેકટરમાં ચોરી, ઘરફોડ, ચીલઝડપ સહિતના કેસ નોંધાતા અસામાજીક તત્વોને છુટો દોર મળી ગયો તેમ લાગી રહ્યું છે. ત્યારે કિસાનનગરમાં સુવિધા કેન્દ્ર જ નથી, જેને પગલે વસાહતીઓની નાનીમોટી ફરીયાદો-સુવિધાઓ અંગે ફરિયાદ કરવાનું કોઈ સ્થાન જ નથી. શહેર સ્માર્ટ સીટી તરફ આગળ વધી રહ્યું છે. પરંતુ સે-૨૬ આ દાયરામાં આવતુ ના હોય તેવું લાગી રહ્યું છે. સેકટરમાં પ્રાણ પ્રશ્નોનો ઉકેલ હજુ સુધી આવ્યો નથી. સે-૧ થી ૨૪ અને સે-૨૭ થી ૩૦ માં જે સુવિધાઓ આપવામાં આવેલ છે તે સુવિધાઓ કિસાનનગરને મળી નથી.જેથી જે તે લાગતા વળગતા તંત્ર દ્વારા કિસાનનગરને પણ પાયાની સુવિધાઓ મળી રહે તે માટે ઉચ્ચકક્ષાએ તંત્ર સમક્ષ રજુઆત કરવામાં આવી છે.

વાસણમાં ત્રિરંગો લહેરાવાયો : ગાંધીનગરના વાસણ ખાતે ગામની સૌથી વધુ શિક્ષિત મહિલા વકીલ વિમલાબા મનુભા વાઘેલાના હસ્તે ધ્વજવંદન કરાયું હતું. આ પ્રસંગે ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

વાતવાતમાં

● શનિવારે સવારે ઘ-૩ સર્કલ નજીક એક સરકારી વેભવી કાર અને બાઈકસવાર વચ્ચે અકસ્માત સર્જાતા આવી પહોંચેલ પોલિસ કોન્સ્ટેબલે કારચાલકને સરકારી ગાડી વાંકમાં લાગતા કારચાલકને તેના સાહેબ સાથે ફોન કરી વાત કરાવવા જણાવ્યું હતું. કારચાલકે કાર મહિલા ચાલક આઈએએસ અધિકારી હતા પતિ આઈપીએસ અધિકારી હોવાનું જણાવી કોન્સ્ટેબલને ધમકાવવા પ્રયાસ કર્યો હતો પરંતુ કોન્સ્ટેબલે મચક આપી નહોતી.

● ગાંધીનગર શહેરની આસપાસ સ્થિત લશ્કરી એકમોમાં વિવિધ કાર્યક્રમોનું રવિવારે આયોજન હાથ ધરાયું છે. કાર્યક્રમોમાં ગૌરવ સેનાની રેલી, વિદ્યાર્થીઓને આર્મીમાં જોડાવા માટે પ્રોત્સાહિત કરતા કાર્યક્રમોનો સમાવેશ થાય છે.

ઠંડી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતુ. જો કે ગઈકાલે ઠંડીમાં થોડીક રાહત મળી હતી. લઘુત્તમ તાપમાન પુનઃ ૯ ડિગ્રીએ પહોંચતા વસાહતીઓએ સહેજ રાહત અનુભવી હતી.

ઠંડીના ફરી વળેલા મોજાની સીધી અસર જનજીવન પર જોવા મળી હતી. વસાહતીઓએ ઘરની બહાર નીકળવાનુ ટાળ્યુ હતુ અને ઘરમાં જ પુરાઈ રહી ઠંડીથી બચવાનો પ્રયાસ કર્યો હતો. લઘુત્તમ તાપમાન ઘટતા મહત્તમ તાપમાનમાં પણ ઘટાડો નોંધાયો હતો. મહત્તમ તાપમાન ૨૭-૨૮ ડિગ્રીની આસપાસ રહ્યુ હતુ. છેલ્લા દોઢ મહિનાથી આકરી ઠંડી અનુભવી રહેલા વસાહતીઓ હવે ઠંડીથી મુક્તિ મેળવવા ઈચ્છી રહ્યા છે.

વસુલાત લેવાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એન.ઓ.સી. આપવા માટે રૂ. ૧૫ હજારથી લઈ પાંચ થી વધુ દરના સ્લેબ બનાવી વસુલ લેવાનો પણ નિર્ણય કરવામાં આવ્યો છે.

આ એક્ઝીબીશન સેન્ટરમાં વારંવાર યોજાતા કાર્યક્રમોને પગલે શહેરની સ્વચ્છતા પર પણ વિપરીત અસરો થતી હોય છે તેથી મનપાના કમિશ્નરે રજુ કરેલી દરખાસ્તને આજે સ્થાયી સમિતિએ બહાલી આપી દીધી છે. મળતી વિગતો પ્રમાણે પાંચ હજાર વ્યકતીની મર્યાદામાં યોજાતી ઈવેન્ટ માટે રૂ. ૧૫ હજારનો દર નિયત કરવામાં આવ્યો છે. મનપાની સ્થાયી સમિતિએ સરિતાઉદ્યાનના ડેવલપમેન્ટ માટેની એજન્સીની મુદતમાં વધારો કરી આપવાનો પણ નિર્ણય લીધો છે.

માનવતા મહેકાવી...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉજવણી કરી હતી. આ ઉપરાંત સોશ્યલ મિડીયા થકી તેમની અપીલને કારણે અન્ય ૨૦ જેટલા રક્તદાતાઓએ પણ સીધો યાકુબભાઈનો સંપર્ક કરી રક્તદાન પુરૂ પાડ્યુ હતુ. આમ અત્યાર સુધીમાં કુલ ૬૩ યુનિટ જેટલુ રક્ત ફરદીન માટે પહોંચી ચુક્યું છે પરંતુ હજુ ૪૦ યુનિટ જેટલી જરૂરિયાત છે.

કારોબારી બેઠક... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભાજપને જોરદાર કાંટાની ટક્કર આપ્યા બાદ ગુજરાત કોંગ્રેસની ફરી એકવાર નોંધ લેવાઈ રહી છે. ખાસ કરીને કોંગ્રેસના મોવડીમંડળનો ગુજરાત કોંગ્રેસની તાકાતમાં વિશ્વાસ વધી ગયો છે. આજરોજ નડિયાદ ખાતે મળેલી કોંગ્રેસની કારોબારીની બેઠકમાં હવે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા અને કોઈપણ ભોગે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ભાજપને મ્હાત આપવા કાર્યકરોથી માંડી, પક્ષના હોદ્દેદારો અને સ્થાનિક આગેવાનોને ખાસ સૂચના આપવામાં આવી હતી. સભામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીના લક્ષ્યાંકને હાંસલ કરવા પૂરી મહેનત અને જોશથી લાગી જવા કાર્યકરોને હાકલ કરાઈ હતી. ઉલ્લેખનીય છે કે, ગુજરાત વિધાનસભાની આ વખતની ચૂંટણીમાં કોંગ્રેસનો ગ્રામ્ય વિસ્તારમાં ઘણો સારો દેખાવ રહ્યો છે અને ભાજપના સૂપડા આ વિસ્તારોમાં સાફ થઈ ગયા છે, જેથી કોંગ્રેસનું ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારો માટે નૈતિક મનોબળ વધી ગયું છે અને તેથી તે ભારે ઉત્સાહ સાથે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ઉત્કૃષ્ટ દેખાવ કરવા અને સત્તા હસ્તગત કરવા તૈયારીઓ કરી રહ્યું છે. કારોબારી સભામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં વિજયની ગાથા લખવા કોંગ્રેસના દિગ્ગજ અને અનુભવી નેતાઓએ કાર્યકરોને હાકલ કરી હતી અને તે માટેની ખાસ રણીનીતિ અને વ્યૂહરચના સમજાવાઈ હતી.

ક્ષણના ચણીબોર ● ૪ પાનાનું ચાલુ...

ગાંધી જીવનમાં અને ગાંધી વિચારમાં જે ગતિશીલતાનો તણખો જોવા મળે છે તે અદ્દભૂત છે. ગાંધીને સંપૂર્ણપણે ન પામી શકાય અને તેના કોઈ નાના વિચારનું અનુકરણ થાય તો પણ જીવનમાં એક નૂતન માર્ગનું દર્શન થાય છે. આ અર્થમાં દરેક માનવીને ગાંધી વિચારના નાના કે મોટા પ્રતિનિધિ બનવાનો હક્ક છે. ગાંધીજીના વણથાક્યા હાથોએ લખ્યું હતું :

'મારા મરણ પછી કોઈ એકજ વ્યક્તિ સંપૂર્ણપણે મારો પ્રતિનિધિ નહિ બની શકે. પરંતુ મારો સ્વલ્પ અંશ તમારા પૈકી ઘણાંના જીવનમાં જીવતો રહેશે. ' ગાંધીજીની ગોળમેજી પરિષદ વખતની બંકિંગહામ પેલેસની મુલાકાત જગપ્રસિધ્ધ થયેલી છે. જેવા હોઈએ તેવાજ દેખાવાની ગાંધીજીની સહજ રીતભાતની નોંધ વિશ્વના લોકોએ લીધી હતી. આ મુલાકાત દરમિયાન ગાંધીજીએ પહેરેલા કપડાની બાબતમાં તેમનો જવાબ ગાંધીજીમાં રહેલી સહજ વિનોદવૃત્તિ અને હાજરજવાબીપણાનો અનુભવ કરાવે છે. ગાંધીએ ધારણ કરેલા ઓછા કપડાના સંદર્ભમાં તેમણે કહેલું : ''રાજાએ એટલા કપડા પહેર્યા હતા કે તે અમારા બે માટે પૂરતા હતા'' ઈંગ્લાંડના એક સમયના વડાપ્રધાન લોઈડ જયોર્જની મુલાકાત ગાંધીજીએ લીધી હતી. આ મુલાકાતની સ્મૃતિને વાગોળતા લોઈડ જયોર્જે લુઈ ફિશરને કહેલી વાત યાદગાર છે.

દુર્ભાગિ એ દિન હતો, હતભાગી એ ઘડી
જે દી હત્યારે ગોળીથી, વીંધ્યા માનવ મેરુને
જાણે આભમાં સૂરજ અસ્ત થયો.

રઝળપાટ ● ૪ પાનાનું ચાલુ...

હોય છે 'જોકે એ પણ હકીકત છે કે જલન સાહેબ પુરેપુરા આસ્થાળુ અને પાંચ ટાઈમ નમાઝી હતા. પણ ગઝલોના શબ્દો દ્વારા ભગવાન સાથે સવાલો અને શંકાઓ ઉઠાવતા રહેલા..! અને એ બધી ગઝલોને માટે આવું કહેતા પણ કે 'ગમે ના સૌ કવન તો માફ કરજો એક બાબત પર, ખુદા જેવા ખુદાનાં ક્યાં બધાં સર્જન મજાનાં છે?'

જો કે જલન સાહેબે આ સિવાય પણ અનેક વિષયો પર લખ્યું અને માત્ર લખ્યું જ નહિ પણ એ બધી જ રચનાઓ ચાહકોમાં અતિ લોકપ્રિય પણ થઈ. પૈસા વિષે જલન લખે છે 'થોડુક ધન કુબેરો મને પણ મળે તો ઠીક, હું પણ તમારી જેમ ક્યાં બાંધી જનાર છું? કંપી રહ્યું છે કેમ દુઃખોનું જગત 'જલન', હમણાં હું તકલીફોની ક્યાં સામે થનાર છું?'... મુશ્કેલીની બીક નથી લાગતી પણ કારણ વગરની મુસીબતો પર જલન કહે છે કે 'મુશ્કિલ પડી તો એવી કે આઠે પ્રહર પડી, પણ દુઃખ છે એટલું જ કે કારણ વગર પડી' એમ તો બીજા શાયરોની જેમ જલને પણ દિલ, પ્રેમ ને પ્રેમિકા પર લખ્યું જ છે 'પજે કંઈ મને મળે તો, એ માંગ્યા વગર મળે, દિલ પણ હવે મળે, તો તમન્નાથી પર મળે 'કે પછી.' વાત સાચી હોય તો કહી દો, ના રહો ભારમાં, સાંભળ્યું છે કે પડયા છો, આપ મારા પ્યારમાં. 'તો પ્રેમના ઈજહાર પર લખે છે કે હઅમારા દિલમાં વસવા આપને પરવાનગી કેવી? કદી મંદીર ના દરવાજા ઉપર તાળાં નથી હોતાં. ' પ્રેમ હોય ત્યાં વિરહ હોય જ એટલે જલન સાહેબે કહ્યું કે 'પૂરી શક્યું ના કોઈ પણ, તારા ગયા પછી, મુજને જે ખોટ તારા વગર ઉમ્ર ભર પડી.

શાનથી ઉજવણી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પરિચય આપ્યો હતો. રંગબેરંગી ઝાકી અને બાળકોના રંગારંગ કાર્યક્રમોએ તમામનું ધ્યાન ખેંચ્યું હતું. રાજપથની બંને બાજુ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. દેશના અન્ય ભાગોમાં પણ પરંપરાગત રીતે પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ વખતે જુદી જુદી ઝાંકીઓમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મહત્વકાંક્ષી યોજનાઓને રજૂ કરવામાં આવી હતી. આ વખતે મહિલા સશક્તિકરણના ભાગરૂપે મહિલાઓએ પણ પરેડમાં ભાગ લીધો હતો. ત્રણ સેનામાં મહિલા ટુકડીમાં પરેડમાં નજરે પડી હતી.

પાછળની હરોળમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતું કે, યુપીએની સરકારના શાસન વખતે રાજનાથસિંહ અને નીતિન ગડકરી ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ હતા અને તેઓને ગણતંત્ર દિવસના સમારોહ દરમ્યાન કયાં બેસાડવામાં આવ્યા હતા, તે કોંગ્રેસને યાદ છે ને? અમારા પાર્ટી અધ્યક્ષને પણ વીઆઈપી સીટ આપવામાં આવતી ન હતી. ભાજપ કોંગ્રેસની માફક હલકી પ્રવૃત્તિ આચરવામાં નથી માનતી. અમે સ્વસ્થ લોકતંત્રમાં માનીએ છીએ. જો કે, ભાજપ પ્રવકતાના આ નિવેદનને પગલે કોંગ્રેસમાં ભારે વિરોધ ઉઠયો હતો અને કોંગ્રેસના દિગ્ગજ રાષ્ટ્રીય નેતાઓએ તેનું ખંડન કર્યું હતું.

ટોલ ફ્રી સેવા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હાઈવે પર અકસ્માત સમયે ઈજાગ્રસ્તોને તાત્કાલિક મદદ પહોંચાડવાનો અને તેમનો જીવ બચાવવાનો છે. આ સિવાય અમે નેશનલ હાઈવે પર મુસાફરી કરતાં લોકોને એમ્બ્યુલન્સની પણ ત્વરિત અને ઝડપી સવા મળી રહે તે માટે રાજય સરકારો સાથે તાલમેળ ગોઠવીને ખાસ વ્યવસ્થા ઉભી કરવાનું આયોજન કરી રહ્યા છીએ. રોડ અકસ્માતની જાણકારી કે સૂચના આપવા અંગેના આ રાષ્ટ્રીય ટોલ ફ્રી નંબરને જાણીતો બનાવવા માટે તંત્ર દ્વારા ખાસ અભિયાન અને ઝુંબેશ પણ હાથ ધરવામાં આવશે.

બોંબ વિસ્ફોટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રચંડ બોંબ વિસ્ફોટને પગલે સમગ્ર વિસ્તાર સહિત રાજધાનીમાં લોકોમાં ભય અને દહેશતનો માહોલ છવાઈ ગયો હતો. પોલીસ અને સુરક્ષા એજન્સીઓ એલર્ટ કરી દેવાઈ હતી અને તમામ સુરક્ષા જવાનોને સ્ટેન્ડ ટુ પર મૂકાયા હતા. જે જગ્યાએ આ પ્રચંડ બોંબ વિસ્ફોટ થયો તે વિસ્તારમાં અનેક સરકારી ઈમારતો અને ઘણા દેશોના દૂતાવાસ આવેલા છે. જો કે, આ બોંબ વિસ્ફોટને પગલે ફરી એકવાર કાબુલમાં ડર અને ભયનો માહોલ છવાઈ ગયો હતો.

બસ ખાબકતા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમાચાર મળતાં જ સ્થાનિક પોલીસ પણ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને મુસાફરોને બચાવવાનું રેસ્કયુ ઓપરેશન હાથ ધર્યું હતું. ક્રેઈનની મદદથી નદીમાં પડેલી બસને બહાર કાઢવામાં આવી હતી અને મુસાફરોને પણ બચાવવાના મહત્તમ પ્રયાસો કરાયા હતા પરંતુ તેમછતાં ૧૩ જેટલા મુસાફરોના કરૂણ મોત નીપજયા હતા. જેમાં મહિલાઓ અને બાળકોનો પણ સમાવેશ થાય છે. દરમ્યાન અકસ્માતના આ બનાવને લઈ મુસાફરો અને સ્થાનિક લોકોમાં અલગ-અલગ ચર્ચા ચાલી હતી.